## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કોઇ પર્વત ચિત્રમાં દોરી શકું એ બળ નથી.
એટલે આજે ચરણમાં સ્હેજ પણ ખળખળ નથી.
દૂર છે એ કારણે પહોંચાય નહિં-એવું નથી,
કૈં ન દેખાતું જો તારા નામનું ઝળહળ નથી !
આ સડક ક્યાં જાય છે એમાં કશોયે રસ નથી.
કયાંય મારૂં ઘર નથી કે હોય એવું છળ નથી !

- હર્ષદ ચંદારાણા

### પાથેય

- રમેશ ઠક્કર

# ઓહ...એ યાદો..!

પાંચ સાત દાયકાની માણસની જિંદગીમાં કોઈ એકાદ દાયકો અદકો હોય છે..એને લાગે છે કે એના જેવો સમય ફરી કયારેક નહીં આવે...અમારી પેઢી માટે '૮૦ થી '૯૦નો જે દસક હતો એ યાદગાર હતો...

ભણતર માટે ફક્ત સરકારી કે સેવાભાવી ટ્રસ્ટોની શાળાઓ જ હતી..ટયુશન કલાસ ન હતા..પરિવહન માટે એસ.ટી.બસનો જ વિકલ્પ હતો..કયાંક કોઈ શહેરમાં એકલદોકલ કાર જોવા મળતી..સાયકલ ઉપર ફરવું સહજ હતું..મોટાં શહેરોમાં ઓટો રિક્ષાઓ જોઈ કુતુહલ થતું..સ્કૂટર નોંધાવવું પડતું..અને એ મળે ત્યારે ઉત્સવ થતો.

ગામડાઓમાં હજુ ગારમાટીનાં ઘરોની સંખ્યા મહત્તમ હતી..કાચા રસ્તાઓ અને પગદંડીઓનો વૈભવ બરકરાર હતો..પાણી માટે કૂવાઓ હતા..નદીઓ ખળખળ વહેતી હતી..નદી કે તળાવોમાં ન્હાવા મજા હતી..નાની નાની દુકાનો ઉપરથી ખરીદી કરવાની અને રકઝક કરવાની મજા હતી..નાટકમંડળીઓ અને ભવાઇ હજુ લુપ્ત ન્હોતાં થયાં..હોટલો લગભગ ના હતી..બહાર જમવાનો મહિમા નહિવત હતો..શોપિંગ મૉલ કે મલ્ટિપલેક્ષની કલ્પના પણ મુશ્કેલ હતી..મોટાં શહેરોમાં થિયેટરો ધમધમતાં..એરકન્ડિશન્ડ ભાગ્યે જ જોવા મળે..એક કરતાં વધારે સ્ક્રીન હોય એ વાત જ રોમાંચક લાગે..ગુજરાતી ફિલ્મોનો જબરજસ્ત લગાવ હતો..જમાનો જાજરમાન હતો !

જિંદગી બહુ ધીમેથી અને લયથી ચાલતી..એક ગામથી બીજા ગામ સુધી ચાલવું સહજ ગણાતું..દરેક ગામમાં છાપું વાંચતા ચાહકો હતા..વાસી અખબાર વાંચવાનો પણ મહિમા હતો..છાપું કે મેગેઝિન લાંબા સમય સુધી તાજાં જ લાગતાં..જૂનાં કપડાં કે જૂનાં પુસ્તકો પણ મૂલ્યવાન ગણાતાં..પોસ્ટઓફિસનો દબદબો હતો..એકબીજાને પોસ્ટકાર્ડ લખી ખબરઅંતર પુછવાનો આનંદ હતો..મોટી હોસ્પિટલો લગભગ ના હતી..નાના અને સેવાભાવી ડૉક્ટરોથી જ ચાલી જતું..મેડિકલ સ્ટોર્સ મર્યાદિત જોવા મળતા..હવાઈ મુસાફરી કરનાર બહુ જૂજ હતા..

મકાનો એકમાળિયાં અને આકર્ષક હતાં..ફલેટો નવી વાત હતી..વેસ્ટર્ન ટોયલેટ વાત જ નવી હતી..પાણીની બોટલો હોય એ વાત જ નવી લાગે..ટેલિફોન જેના ઘેર હોય એ આજુબાજુ બધાને એનો લાભ આપતા..ટી.વી..પગરણ કરી રહ્યું હતું એન્ટેના સાથે બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી.દસકના અંતે થોડુંક કલરફૂલ થઈ રહ્યુ હતું..લાઈવ પ્રસારણ નવાઈ લાગે એવી વાત હતી..મોબાઈલ જેવી કોઈ શોધ થશે એની કલ્પના પણ ન હતી..અને ફેસબુક કે વોટસેપ ? આવું સ્વપ્ન પણ કોઈને નહીં આવ્યું હોય..

અનુસંધાન પાના નં. ૭ પર

# કોંગ્રેસ કફોડી સ્થિતિમાં મુકાઈ ગઈ છે

**તંત્રીસ્થાનેથી...**

એન્ફોર્સમેન્ટ ડાયરેકટર (ઈડી)નાં નોતરાં જેને પણ મળે છે એના જીવને પૂછ્યે ખબર હોય છે. એવી વ્યક્તિ વીવીઆઈપી તરીકેનો દરજ્જો ભોગવનારી સેલિબ્રિટી હોય ત્યારે તો ઊલટાની એવી ફજેતી થાય છે કે એને મોઢું બતાવવું ગમે નહીં. સોનિયા ગાંધીએ આવું સમન્સ મળતાં જ કોવિડની આફટર ઈફેક્ટ્સના બહાને પ્રાઈવેટ હોસ્પિટલમાં પ્રવેશ મેળવી લીધો છે. રાહુલ ગાંધી હાજર થયા છે કારણ કે મુદત જરૂર પડી શકે છે પણ આજનું મોત કાલ પર ઠેલવાથી કશો ફરક પડતો નથી. કેન્દ્ર સરકાર વિરુદ્ધ કોંગ્રેસ સહિતના તમામ વિપક્ષો કિન્નાખોરી રાખી ઈનકમટેક્સ, ઈડી અને સીબીઆઈ જેવી કેન્દ્રીય અને તથા કથિક 'સ્વાયત્ત' એજન્સીઓને ડાઘિયા કૂતરાની જેમ છોડી મૂકવાનો આક્ષેપ કરતા રહે છે. ખાટલે ખોડ એ મુદ્દે છે કે એમની એ વાતમાં વજૂદ હોય તો પણ એજન્સીઓને કંઈ ને કંઈ તો મળી જ આવે છે જે એમના વહીવટમાં થયેલ ગેરરીતિઓ અને આર્થિક ભ્રષ્ટાચારની સાહેદી પૂરે છે. પ્રજાને વિપક્ષો સામેની કેન્દ્ર સરકારની આવી કડકાઈ ગમે છે. જો કે પ્રજા એ પણ સમજે છે કે વર્તમાન સરકાર પણ દૂધે ધોયેલી નથી. એની વિરુદ્ધ પણ તપાસ તો થવી જોઈએ. પણ એવી વ્યવસ્થા કયાં છે ? સ્વાયત્ત કહેવાતી 'કૅગ' જેવી સંસ્થા ધરાર આંગળી ચીંધે તો પણ સત્તા સામે શાણપણ નકામું જ બની રહેતું હોય છે. વિકટ મનોદશામાં ધકેલાઈ ગયેલા પ્રાદેશિક પક્ષો પોતપોતાની વોટબેંકો જાળવવા મથે છે પણ શાસક પાર્ટી વિરુદ્ધ એક થઈ શકતા નથી. દરેક ને પોતાનું વજૂદ વિસ્તારવું છે જેથી વિપક્ષોની એકતા માટે મમતા બેનરજીના પ્રયાસો એમના જ પશ્ચિમ બંગાળમાં એક સમયે ચક્રવર્તી રાજ કરી અત્યારે હાંસિયે ધકેલાઈ ગયેલા માર્કસવાદી સામ્યવાદી પક્ષને અનુકૂળ વરતાતા નથી. કોંગ્રેસ દિવસે દિવસે ગ્લોબલ વોર્મિંગને કારણે સંકોચાઈ રહેલી ગંગા નદી જેવી બની રહી છે. એ પોતાનો જૂનો અને ખોવાયેલો રુતબો પાછો મેળવવા ફાંફાં મારે છે ત્યારે પ્રાદેશિક પક્ષો એને પોતાનાં પ્રભાવક્ષેત્રમાં જુનિયર પાર્ટનરથી વધારે મહત્ત્વ આપવા તૈયાર નથી. ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવાં મોટાં રાજયોથી લઈ તેલંગાણા અને આંધ્રપ્રદેશ કે કર્ણાટકમાં કોંગ્રેસ માટે પુનરાગમનની શક્યતાઓ સમાપ્ત થઈ ચૂકી છે. ગુજરાતમાં ચૂંટણી આવી રહી છે. કોંગ્રેસની જે કફોડી હાલત થઈ છે તે જોવા એક સમયના એના લોકપ્રિય નેતા માધવસિંહ સોલંકી હયાત નથી તે સારું છે. એમણે સાનુકૂળ સમીકરણો અને ઓબીસી અનામતથી લઈ મધ્યાહન ભોજન જેવી લોકપ્રિય યોજના મૂકીને ગરીબોના મસીહા જેવું બિરુદ મેળવ્યું હતું. આજે કોંગ્રેસ નેતા વિહોણી 'વિધવા' બની ચૂકી છે. નરેશ પટેલને કોંગ્રેસમાં પ્રવેશ આપી પાટીદાર સમાજને રાજી કરવાના ઈરાદા છતાં કોંગ્રેસ હાઈકમાન્ડ એમને મુખ્યમંત્રીના ચહેરા તરીકે આગળ ધરવામાં અવઢવ અનુભવી રહેલ છે. નરેશ પટેલ પણ એવી જ અસંમજસની સ્થિતિમાં મુકાઈ ગયેલ ચે. એક પછી એક પ્રાદેશિક સ્તરે થોડું ઘણુંય વજૂદ ધરાવતા આગેવાનો કોંગ્રેસને રામ રામ કરી રહ્યા છે. પાટીદારોમાં પ્રતિષ્ઠા ધરાવતા યુવા નેતા હાર્દિક પટેલે તો ભાજપનો ખેસ ધારણ કરી લીધા પછી કોંગ્રેસની અંદરની વાતો બહાર લાવવા માંડી છે. ઈંદ્રનીલ રાજયગુરુ જેવા રાજકોટના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિએ ભાજપનો વિરોધ ચાલુ રાખીને 'આપ' ની ટોપી પહેરવામાં શાણપણ જોયું તો વળી ભરતસિંહ સોલંકી જેવા સ્થાપિત ક્ષત્રિય આગેવાનનું ઘરનું જ ગ્રહણ નડ્યું છે. આદિવાસી નેતાઓએ પણ ભાજપનું શરણું લીધું છે. અત્યારે ગુજરાત કોંગ્રેસની જે દુર્દશા થઈ છે એમાં નરેશ પટેલ પણ એને ઉગારી શકે કે કેમ તે પ્રશ્ન છે. સ્થાપિત પ્રાદેશિક મોવડીઓને એમની નેતાગીરી હેઠળ કામ કરવું કેટલું ફાવે તે પણ પ્રશ્ન છે. ગુજરાતમાં ઠાકોર-કોળી સમાજની મોટી વસતિ છે. પરંતુ એક તરફ હિંદુત્વનો મુદ્દો છે અને શહેરી પ્રજા સવર્ણ મુખ્યમંત્રી પસંદ કરતીરહી છે. નવા નવા ભલોભોળા મુખ્યમંત્રીને નરેન્દ્ર મોદીનું પૂરું પીઠબળ છે ત્યારે નરેશ પટેલનો ચહેરો પાટીદાર સમાજમાં પણ કેટલો સ્વીકાર્ય બને તે સવાલ છે.

# આંબાનું વાતાવરણ આપણા લોકજીવન સાથે જોડાયેલું છે




કોણ સીંચ્યાતા વૃક્ષ કેરીના,
કોણે નાખ્યા ખાતર ખોળ
કોણે સીંચ્યાતા નીર બપોરે
નાચ્યા ભર ઉનાળે મોર
આજ મારે આંબે આવ્યા મોર.

અત્યારે બજારમાં જયાં જુઓ ત્યાં કેરી જેવા મળે, હમણાં ગાંધીનગરમાં યોજાયેલ મેંગો ફેસ્ટિવલમાં ભારતના કેટલાક રાજયોમાંથી પણ કેરીના ઉત્પાદકો કેરીના વેચાણ અર્થે આવ્યા હતા. અને અપ્રતિમ પ્રતિસાદ સાંપડ્યો હતો.

સંસ્કૃતમાં આમ્રફળ, હિન્દીમાં આમ, ગુજરાતીમાં કેરી અને અંગ્રેજીમાં મેંગો તરીકે ઓળખાતી કેરીની વિશ્વમાં ૫૦૦ થી વધુ જાતે છે, કુલ ઉત્પાદકમાં ભારતને હિસ્સો ૪૦ ટકાથી વધુ છે.

આંબો વન-વગડામાં, ખેતરમાં, ફાર્મમાં, ઘરમાં વવાય, ફાગણ મહિનો આવે ને મોર બેસે, મોર જાજો તો મોલ પણ જાજો.... પછી એમાથી કેરી ફળ રુપે આવે, કાચી કેરીને ઝાડ પર ચડીને ઉતારીને પછી મીઠું ને મરચું ભભરાવીને ખાવાનો લ્હાવો તો લીધો હોય ઈ જ જાણે, એ જ રીતે ડુંગળી - ગોળ - મરચું - મીઠું ને હળદર સાથે એનું કચુંબર પણ ઉનાળામાં શાકની સાથે ખુબ ભાવે.

આંબા ડાળે આમ્રમંજરી ડોલેને કોયલ પણ મીઠાં ટહુકા કરે... આંબાડાળે વટેમાર્ગુ કે શ્રમિકો-ઘરમાલિકો શીળી છાયામાં આરામ કરે, આંબા ડાળે ઝુલો બાંધીને, નાના બાળકોને હીંચકાવે - એ જ આંબાની ડાળ યુવા અવસ્થાએ પ્રેમ પ્રગટાવે અને ઝૂલો વળી સોનાના બની જાય.... કેવું મીઠું મજાનું લોકગીત આ ક્ષણોનું આપણે ત્યાં ગવાયું છે.
સોનાની સાંકળે બાંધ્યો હીંડોળો આંબાની ડાળ...
રૂપાને કડલે હીંચકેરે વાલો મારો.....
આંબાડની ડાળ.....
બીજા એક લોકગીતમાં ગવાયું છે,
મારા રે વાલમનો મીઠો આંબલો,
આંબો ફાલ્યો સે ફાગણ માસમાં
બધાને આંબાની ડાળે પ્રેમ પાંગરે એવું ના પણ બને.
આવી સ્થિતિનું પણ એક લોકગીત મળે છે. જેમાં આજની ભાષામાં કહીએ તો બ્રેકઅપનો અણસાર છે.
વાયા વાયા મીંતો (મેં તો)
આંબા કેરાં બીજડાં રે,
મારા કરમે તે નાનેરા
બાવર ઉજિયા રે...

એક સ્ત્રીના હૃદયની કેટકેટલી સંવેદના આંબા સાથે લોકગીતોમાં શબ્દરૂપે અભિવ્યક્તિ થઈ છે ભાઈની વાટ જોતી બેની શું કહે છે, વાંચો એ લોકગીતોમાં....
મારા ફળિયામાં એક આંબલો
આંબળો ઘોર ગંભીર જો ઊંચી ને ઊંચે હું ચડી,
જોઉં મારા માડી જાયાની વાટ જે

આંબા પર કાચી કેરી આવે એ ખવાય, એમાંથી બાફલોને સબરત, બને, જાતજાતના અથાણા બને તો પાકી કેરી ચુસીને, રસ કાઢીને, કટકા કરીને ખવાય. કેરીનો રસ, જ્યુસ, શેઈક, સ્મુધી, ફાલુદા, પલ્પ, કૈંક, શ્રીખંડ એમ કેટકેટલી વાનગીઓ બને... આખરે વળી ગોટલીને સુકવીને એમાંથી મુખવાસ પણ બંને.

કેરીના ઔષધીય ગુણો જોઈએ તો એમાં વિટામીન્સ હોય છે, એનાથી ઈમ્યુન સિસ્ટમ સુધરે છે, એમાં કેલરી, કાર્બોહાઈડ્રેટને આયર્ન હોય છે. એથી જ અનેક રોગોમાં કેરી ગુણકારી ગણાય છે.

કાચી કેરીનો રંગ લીલો હોય ને પાકી કેરીના રંગ પીળો, લીલો, લાલ કે નારંગી હોય.... ગરમીથી આપોઆપ પાકે એ કેરીનો સ્વાદ સાચો. ભારતનું રાષ્ટ્રીય ફળ ગણાતી કેરીનાં ઉત્પાદનમાં ગુજરાત પણ અગ્રેસર છે.

કેરીનો મહિમા કરતા અનેક લોકગીતો - કાવ્યો આપણે ત્યં રચાયા છે.... સુરતના કવિ નયન દેસાઈ લખે છે.
કેસર કેરી વાવી, ગણદેવી, ગામમારે, ટોળાં પંખીઓના આવ્યા ઈનામમાં રે
એની મહેંક ગગનમાં ઘૂમે,
ચૌદ ભુવનમાં ખેલે,
એના કેસરીયા છાંયે,
સૂરજ ઘડીક માથું મેલે
કીડી ખરીદતી એની મીઠાશ
મોંઘા દામમાં રે....

આંબો, આંબાની શીતળતા, આંબાની કેરી ને સમગ્રપણે આંબાનું વાતાવરણ આપણા લોકજીવન સાથે જોડાયેલું છે. આંબાનું મહિમાગાન આવા મીઠા-મધૂરા લોકગીતો કે કાવ્ય સંગીતના ગીતોથી થાય ત્યારે શબ્દના અજવાળા રેલાય છે.

### દિન મહિમા

- વિશ્વ રક્તદાતા દિવસ
- સુશાંતસિંહ રાજપૂતની પુણ્યતિથિ, ભારતીય ફિલ્મ અભિનેતા.

આજનું
### ઔષધ

- ચેરી ખાવાથી કેન્સર જેવી ગંભીર બિમારી સામે રક્ષણ મેળવી શકાય છે.

### ખડખડાટ

- હું બસમાં બેઠો હતો બાજુમાં એક છોકરી ઊભી હતી એણે પોતાના ફોનમાં રાષ્ટ્રગીત ચાલું કર્યું... હું જેમ ઊભો થયો ને એ બેસી ગઈ...! 'રાજનીતિ રમી ગઈ'

આજનું
### વોટ્સએપ

- નાના લક્ષ્ય માટેનું એક નાનું ડગલું બાદમાં વિશાળ લક્ષ્ય પણ હાંસલ કરાવી દે છે.

# શું તમને ખબર છે કે બકોર પટેલનું પૂતળું પેરિસના સંગ્રહાલયમાં છે?

## ઓ..ઓ..પ્રશ્ન ખોટો પૂછાય ગયો... પહેલાં તો પૂછવું જોઈએ કે તમે બકોર પટેલને ઓળખો છો ?




બકોર પટેલ, શકરી પટલાણી, હાથી શંકર, ટીમુ પંડિત, ડોક્ટર ઊંટડીયા, ગાડરમલ ઘીવાળા, વાઘજીભાઈ વકીલ, સસમલ શેઠ આ બધા પાત્રોના નામ યાદ છે ? શ્રી હરિપ્રસાદ વ્યાસ દ્વારા રચાયેલા અમર બાળપાત્ર એટલે "બકોર પટેલ". બકોર પટેલનું પાત્ર હરિપ્રસાદ વ્યાસે રચીને ગુજરાતી બાળસાહિત્યની ઊંચાઈ એવરેસ્ટ પર પહોંચાડી દીધી છે. પેરિસમાં વિશ્વના પ્રસિદ્ધ હાસ્યરસિક પાત્રોનું સંગ્રહસ્થાન છે. આ સંગ્રહસ્થાનમાં બકોર પટેલનું પૂતળું પણ છે. આપણી ગુજરાતીઓની છાતી ગજગજ ફૂલે એવી આ ઘટના છે.

બકોર પટેલને બકરા તરીકે મધ્યમ વર્ગના વ્યાપારી અને તેમની બકરી પત્ની શકરી પટલાણી સાથે મુંબઈમાં રહેતા દર્શાવવામાં આવ્યા છે. તેમને મુંબઈથી જાપાન સાથે વેપાર કરતી પેઢી છે. ૧૯૪૦-૫૦ ના દાયકામાં તેઓ ઉપરી-મધ્યમવર્ગનું જીવન ગાડી અને બંગલા સાથે જીવે છે. તેમનાં મિત્રોમાં વકીલ તરીકે વાઘજીભાઈ વકીલ, હાથીભાઈ ધમધમિયા, ઊંટડિયા ડૉક્ટર, ટીમુ પંડિત જિરાફ જોશી છે. બકોર પટેલ એ વ્યાપાર માટે પ્રવાસ કરતાં કૌટુંબિક વ્યક્તિ તરીકે અને તેમનાં કુટુંબ અને મિત્રો સાથે સમય વ્યતિત કરતા દર્શાવવામાં આવ્યા છે. તેમની પત્ની સાથે તેમને ઉમદા સંબંધો છે. તેઓ હંમેશા નાનાં સાહસો ખેડે છે જેનો અંત હંમેશા ઊંધો આવે છે. તેમ છતાંય તેઓ તેમનાં સાહસની નિષ્ફળતાને માણે છે અને નવું સાહસ કરવા તૈયાર રહે છે. તેમનું કુટંબ અને મિત્રો તેમનાં સાહસોમાં સાથ આપે છે અને તેને આનંદથી માણે છે.

બકોર પટેલ એ હરિપ્રસાદ વ્યાસ દ્વારા સર્જિત બાળસાહિત્યનું રમૂજી કાલ્પનિક પાત્ર છે, જેની વાર્તાઓ ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત દ્વારા પ્રકાશિત બાળસાહિત્ય પખવાડિક "ગાંડીવ"માં પ્રકાશિત કરવામાં આવતી હતી. બકોર પટેલની આ રમૂજી વાર્તાઓ ૧૯૩૬માં પ્રથમ પ્રકાશિત થઈ હતી અને ૧૯૫૫ સુધી ચાલુ રહી હતી. આ વાર્તાઓની સાથેના ચિત્રો સુરતના કલાકાર ભાઈઓ તનસુખ અને મનસુખ દ્વારા દોરવામાં આવતા હતા.

હરિપ્રસાદ વ્યાસનો જન્મ ૨૫ મે ૧૯૦૪ ના રોજ વડોદરા નજીક આવેલા બોડકા ગામમાં થયો હતો. ૧૯૨૧માં તેઓએ વડોદરામાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ૧૯૨૫થી નિવૃત્તિ સુધી તેઓ ઝેનિથ લાઈફ એન્ડ ઈન્સ્યોરન્સ કંપનીમાં મેનેજરના પદે રહ્યા હતા. ૧૩ જુલાઈ ૧૯૮૦ ના રોજ સાન હોશે, કેલિફોર્નિયા, અમેરિકામાં તેમનું મૃત્યુ થયું હતું.

હમણાં વેકેશનના સમયમાં ઘરમાં બેઠાંબેઠાં બાળકોને વાંચનપ્રવૃત્તિ મળી રહે, તે હેતુથી ગૂર્જર પ્રકાશનમાંથી "બકોર પટેલની વાર્તાઓ"ની પુસ્તિકાઓ મંગાવી. પુસ્તકો આવતાં જ બાળકો તો ખુશ થયા પરંતુ જાણે મારું પોતાનું બાળપણ પાછું આવી ગયું તેવું અનુભવ્યું. ટોમ એન્ડ જેરી, મીકિ માઉસ જેવાં પાત્રો વિશ્વપટલ પર સફળ રહ્યા છે અને તેમના સર્જકોને દુનિયાએ માથે બેસાડીને નવાજ્યા પણ છે. જ્યારે આપણા રમણલાલ સોની, હરિપ્રસાદ વ્યાસ, જીવરામ જોષી જેવા વિશ્વકક્ષાના સર્વોત્તમ બાળ સાહિત્યકારોને આપણે અન્યાય કર્યો હોય તેવું લાગે છે.

બકરી જેવા સામાન્ય પ્રાણીને લઈને, આવી સુંદર કથાસૃષ્ટિની રચના કરવી એ તો તે સમયે કોઈ કલ્પી પણ ન શકે. અને આવી ગજબની સફળતા મળશે એ તો સ્વપ્નીલ જ લાગે.

ગુજરાતી હાસ્યસાહિત્યમાં અભૂતપૂર્વ કહેવાય એવી પાત્રસૃષ્ટિ સર્જનાર તારક મહેતાએ લખ્યું છે કે, 'બકોર પટેલ વાંચ્યે તો વર્ષો થઈ ગયાં, પણ એની પાત્રસૃષ્ટિ મારી ચેતનામાં એવી ઊંડી ઉતરી ગઈ છે કે મારાં પાત્રો જાણે 'બકોર પટેલ'નાં પાત્રોનો માનવઅવતાર ન હોય ! એવું બીજાંઓને લાગતું હોય કે ન લાગતું હોય, મને તો લાગે જ છે. 'તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા'ની ટીવી શ્રેણીએ મને ઘણો યશ અપાવ્યો છે. પણ ડગલે ને પગલે છબરડા વાળતા મારા 'જેઠાલાલ'માં જાણે બકોર પટેલનો પુનર્જન્મ થયાનું મને લાગે છે. 'દયા' શકરી પટલાણીની યાદ અપાવે છે, તો ડૉક્ટર હાથી અનેક રીતે હાથીશંકરની યાદ અપાવે છે.' ('બકોર પટેલની હસતી દુનિયા' —સંપાદક : હુંદરાજ બલવાણી, હર્ષ પ્રકાશન)

બાળ-કિશોર વયમાં બકોર પટેલનું તો રીતસરનું ઘેલું લાગતું. બકોર પટેલ, શકરી પટલાણી આ બધા જાણે ઘરના કોઈ સભ્ય હોય ને તેવી રીતે આત્મીય સ્વજન બની રહેતા. ગુજરાતીભાષી બાળકો અને કિશોરો તો આ વાર્તાને માણતા જ પણ મોટેરાઓને પણ આમાં એટલો જ રસ પડતો. નિર્દોષ હાસ્ય કથાઓ માટે ગુજરાતી પ્રજા સ્વ.હરિપ્રસાદ વ્યાસની કાયમ ઋણી રહેશે. તેમની આ બધી કથાઓ 'ગાંડીવ સાહિત્ય મંદિર' દ્વારા "બકોર પટેલની અમર હાસ્ય કથાઓ"નાં નામે પ્રકાશિત કરીને સ્વ.નટવરલાલ માલવીએ ગુજરાતી ભાષાની મૂલ્યવાન સેવા કરી છે. ત્યારબાદ નટવરલાલ માલવીના સુપુત્ર સુભગ માલવી તથા પૌત્ર અભિનવ માલવીએ બકોર પટેલની આ કથાઓ પુનર્મુદ્રિત થતી રહે તેની કાળજી લઈને આ વારસાને દીપાવ્યો છે. અને આજે પણ ગૂર્જર પ્રકાશન દ્વારા તેને આવી રીતે પ્રસિદ્ધ કરવામાં આવે છે, તે ધન્યવાદને પાત્ર છે. બસ હવે મિયા ફૂસકી અને અડૂકિયો દડૂકિયોની કથાઓ પણ આવી રીતે મળી જાય તો જાણે મોટો ખજાનો હાથ લાગ્યો હોય તેવો આનંદ થશે.

આજની પેઢીને કાર્ટૂન નેટવર્ક પરના ઢંગધડા વગરના અને મૂલ્યોની કશી જ સમજ ન આપતા બેહુદા કાર્ટૂન કેરેક્ટર માટે ઉછળતા જોઈને દયા આવે છે અને દુઃખ પણ થાય છે. દયા આવે છે કારણકે તેમને બકોર પટેલ જેવું કોઈ કાર્ટૂન કેરેક્ટર છે, તેની જાણ જ નથી, અને દુઃખ એ વાતનું થાય છે કે મિયાં ફુસકી, અડુકિયો દડુકિયો, બકોર પટેલ જેવાં પાત્રો પછી આજે આ બાળકોને દૃષ્ટાંતરૂપ એવું એક પણ ગુજરાતી હાસ્ય રસિક પાત્ર આપણે સર્જી શક્યા નથી અને ભૂતકાળના આ અમર પાત્રોને તેમના સુધી પહોંચાડી પણ શક્યા નથી.

અમે મિયાં ફૂસકી સિપાઈ બચ્ચાપ.આ સંવાદ તો દરેક બાળકનાં મોઢે રમતો હતો. અડૂકિયો-દડૂકિયો, તભાભટ્ટ જેવા પાત્રો તો બાળકોના ગોઠિયા બની ગયા હતા. ચાંદામામા, નિરંજન, ઝગમગ જેવાં બાળસામયિકોનો એ સુવર્ણયુગ હતો. આમ જોવા જઈએ તો બકોર પટેલની આ વાર્તાઓ અગાઉ લખ્યું તેમ ૧૯૫૫ સુધી પ્રગટ થતી રહી. પરંતુ આપણાં વડીલો અને મુરબ્બીઓની માવજતના કારણે હજી ૧૯૮૦ કે ૮૫ સુધી આ પાત્રો બાળકો વચ્ચે જીવંત રહ્યાં. પણ પછી હવે આ બાગડોર આજે આપણી પેઢીએ ઉપાડી લેવી જોઈએ. કારણકે આપણાં બાળકો સુધી આ અમૂલ્ય વારસો પહોંચાડવો તે આપણી નૈતિક ફરજ છે. ભલું થજો વિકીપીડીયાનું અને આ પુસ્તકોની પ્રસ્તાવનાની અંદર આપેલી વિગતોનું કે આજે આ લેખ દ્વારા હું આપની સમક્ષ આ દસ્તાવેજ મૂકી રહ્યો છું.

- jayuoza@gmail.com, Mo.9898046488

# ખોખલો સંબંધ સમાપ્ત થાય એમાં જ સાચુ સુખ છે...

## જેને જવું છે એને જવા જ દો, જો એ આજે રોકાઈ જશે તો કાલે જતો રહેશે




ક્વિનાઈન ખુબ કડવી હોય એટલે એની ઉપર શુગરનુ ક્વોટ ચડાવી દેવાય છે. આજે થોડી કડવી વાત મીઠા આવરણ સાથે કરવી છે. એક ભાઈ સવારના પહોરમાં અત્યંત ખિન્ન બનીને ડ્રોઈંગરૂમમાં શૂન્ય મનસ્ક બેઠા હતા. એમની પત્નીએ આવીને પૂછ્યુ, 'કેમ આજે આટલા ચિંતામાં લાગો છો ?' ત્યારે પેલા ભાઈએ શુષ્ક સ્વરમાં જવાબ આપ્યો, 'ગઈ કાલે ઓફિસથી રિવ્યુ મિટિંગમાં બોસે એક કામ નિયત સમયમાં પુરું ન થતાં મને જેમ ફાવે એમ બોલતા હતા. મારા સાથીઓને ખબર હતી કે એ કામ આડે અનેક નિયમો અને કંપનીની બીજી વહિવટી હર્ડલ્સના કારણે એ નિર્ધારિત સમયમાં પુરું થઈ શકે એમ હતું જ નહીં. પરંતુ એ વખતે કોઈ મારા પક્ષે કશું જ ન બોલ્યું. આખો દોષનો ટોપલો મારા માથે આવી ગયો.' પત્નીએ કહ્યું, 'બધા તો એમ જ વર્તે. એમાં આટલી બધી ચિંતા શું કરો છો ?' ત્યારે પેલા ભાઈએ કહ્યું, 'બીજા બધા તો ઠીક પરંતુ મારી ખૂબ નીકટ એવા રોબીને પણ સાચી વાત ન કરી એ મને બહુ લાગી આવે છે.'



આ ભાઈની સાથે બનેલી ઘટના નાના મોટા સ્વરૂપે અવાર-નવાર બધાના જીવનમાં બનતી જ હોય છે. આની પાછળનું મૂળ કારણ બીજા ઉપર રાખેલો વિશ્વાસ અને અપેક્ષા છે. બીજાની અપેક્ષાનો સહારો વ્યક્તિને અંદરથી ખોખલો કરી નાખતો હોય છે. અપેક્ષાઓ કમજોર બનાવે છે. ચાણક્યનીતિ કહે છે, પોતાની આંતરિક શક્તિનો સહારો જ સર્વશ્રેષ્ઠ હોય છે. વ્યક્તિનો સૌથી સારો અને સાચો સાથી વ્યક્તિ પોતે જ હોય છે. એ વાત એટલી જ સાચી છે કે, વિશ્વાસ વિશ્વનો શ્વાસ છે. અન્ય ઉપર વિશ્વાસ રાખવો સારી વાત છે. પરંતુ અરીસામાં દેખાય એના સિવાય બીજા કોઈપણ ઉપરનો વિશ્વાસ અંધવિશ્વાસની સીમા સુધી પહોંચી ન જાય એની સભાનતા પણ એટલી જ જરૂરી છે.

પવન આવે એમ શઢ ફેરવતા, બદલાઈ જતા લોકોથી જીવનમાં ક્યારેય નાસીપાસ થવાની જરૂર નથી. આવા લોકોની માનસિકતા સમજ પડતા વેંત એમને બુદ્ધિપૂર્વક તમારી જિંદગીમાંથી દૂર કરી દેવામાં શાણપણ છે. તકલીફ એ નથી હોતી કે, કોઈએ તમારો સાથ ન આપ્યો અથવા તમને આગળ આવવામાં મદદ ન કરી. તકલીફ તો એ છે કે, બીજા ઉપર એક હદથી વધુ વિશ્વાસ રાખવાની ભૂલ તમે પોતે જ કરી છે. એક ચિંતકે સરસ વાત કરી છે કે, જેણે તમને પોતાના બનાવીને દૂર કરી દીધા છે એનાથી ક્યારેય દુઃખી ન થવું જોઈએ. ખરેખર તો એવા લોકોનો હૃદયથી આભાર માનવો જોઈએ, કારણ કે, એ વ્યક્તિએ તમને સાચો અહેસાસ કરાવ્યો છે કે, જે વ્યક્તિને તમે પોતાની ગણી છે એ વ્યક્તિ કે વસ્તુ તમારી છે જ નહીં.

જીવનની ખુશીનો અનુભવ વ્યક્તિને ત્યારે થાય છે કે, જ્યારે એ મનથી ખુશ હોય છે. એ વાત પણ એટલી જ સત્ય છે, ખુશ રહેવાવાળા લોકો ખુશ એટલે હોય છે કે, એમને મનાવવાવાળા કોઈ નથી. આડા અવળા ઈક્વેશનો દેખાડવાવાળા ન હોય ત્યારે વ્યક્તિ સ્વયં ખુશ રહેવાનો માર્ગ આપોઆપ શોધી લેતો હોય છે. પૈસાથી ખરીદેલી તમામ સવલતોને ત્રાજવે તોળીને વિચારી લેવી જોઈએ કે, પૈસાથી ખરીદેલી એ બધામાંથી મનની શાંતિ કઈ વસ્તુથી મળી છે ? જો કોઈનાથી દૂર થવાનો ડર રોજ સતાવતો હોય તો વિશ્વાસ રાખજો એક દિવસ એ વ્યક્તિ તમને છોડીને જરૂર જતો રહેશે એ બરાબર સમજી લેવા જેવુ છે. પછી ક્યારેય દુઉઃખી થવાનો વારો નહીં આવે.

એવા અનેક માર્ગો હોય છે, જ્યાં પગ કરતાં હૃદય વધુ થાકી જતું હોય છે. એક બુદ્ધિશાળી વ્યક્તિ પોતાની અને ઈશ્વર સિવાય અન્ય કોઈ ઉપર ક્યારેય નિર્ભર નથી રહેતો. જ્યારે કોઈ સાથ ન આપે ત્યારે ખિન્નતા કરતા ક્રોધ વધુ સવાર થઈ જતો હોય છે. ક્રોધની આંધી પસાર થયા પછી જ અંદાજ આવે છે કે, નુકસાન કેટલા મોટા પ્રમાણમાં થઈ ચૂક્યું છે. વ્યક્તિએ મનને મક્કમ કરીને વિચારી લેવું પડે કે સંબંધોની માવજત કરવાની એની એકલાની એક પક્ષીય જવાબદારી ક્યારેય નથી હોતી. સંબંધોનો મહિમા અને એને સાચવવાની તમન્ના બન્ને પક્ષે બરાબર હોય તો જ સંબંધ સુવાસપૂર્ણ બની શકે છે. જે તમારી સાથે છે એ સાથ છોડી દે ત્યારે સાદી સમજ એ છે કે, તમારા સંબંધ કરતાં એને બીજો સ્વાર્થ વધુ અગત્યનો લાગતો હોય છે. પછી એ અન્ય કોઈ સંબંધ હોય કે ભાવિ કારકિર્દીની કોઈ લાલચ કે પેશનનો સ્વાર્થ હોય.

મનની શાંતિ આંખો મીંચીને મંત્રો જપવાથી મળે એના કરતાં સાચી સમજ વિકસાવવાથી વધુ મળતી હોય છે. જે વ્યક્તિ વિચાર કરતો રહે તે હંમેશા વિચારોના વમળમાં ફરતો રહે. પરંતુ જે વ્યક્તિ સાચી સમજપૂર્વક અમલ કરતો હોય છે તેને મનની શાંતિ અવશ્ય પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં સાચુ જ કહ્યું છે કે 'શઠમ્ પ્રતિ શાઠ્યતે' તમારી સાથે જે પ્રકારનો વ્યવહાર થાય એવો વ્યવહાર કરવામાં આવે તો જ જમાના સાથે કદમ મિલાવી શકાય. વ્યક્તિ ગમે એટલો આગળ વધે પરંતુ જેને તમારી સફળતા કે આગળ વધવાનો કોઈ મહિમા જ નથી એવી વ્યક્તિ અવશ્ય એમાં ખોડખાંપણ કાઢશે જ. એનાથી વ્યથિત થવાની બિલકુલ જરૂર નથી. એક સરસ મઝાના મકાનમાં એક બહેનને કશું જ સારુ ન લાગ્યું એમણે એક તસવીર આડી છે એમ કહીને મકાનનું મૂલ્યાંકન કર્યું. આ કમાલની નફફટ માનસિકતા કહેવાય ?

સો વાતની એક વાત એ છે કે બે-પાંચ મુલાકાતો ઉપર વિશ્વાસ કરીને જીવન બરબાદ ન કરી શકાય. દુનિયાનો દસ્તુર છે કે, સ્વાર્થ ન સાધાય અને જરૂરિયાત ન હોય ત્યારે લોકો વર્ષોના સંબંધો પણ નેવે મૂકી દેતા વિચાર સુદ્ધા નથી કરતા. જ્યારે પોતાના સમજેલા લોકો પાસે પોતાની સચ્ચાઈ અને અચ્છાઈ સાબિત કરવી પડે ત્યારે તમે ખરાબ લાગો એ જ મંજૂર હોવું જોઈએ. જગતની સૌથી મોટી સચ્ચાઈ એ છે કે, સૌથી વજનદાર સ્વાર્થ છે. જ્યારે સ્વાર્થ નીકળી જાય ત્યારે વજનદાર અને પ્રગાઢ સંબંધ પણ હલકો બની જતો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ સમજવા જ ન માંગતી હોય તો વારંવાર એકની એક વાત સમજાવવાથી ફરક જ ન પડે. કોઈને તમારી વાત માનવી જ ન હોય તો એકની એક વાત વારંવાર કહેવાની જરૂર જ શા માટે ? જેને જવું છે એને જવા જ દો. જો એ આજે રોકાઈ જશે તો કાલે જતો રહેશે. સંબંધોમાં પ્રેમ સારો લાગે, સંબંધોની ભીખ નહીં. પ્રત્યેક સંબંધની પોતાની એક સીમા રેખા હોય છે પણ જ્યારે વાત આત્મસન્માનની હોય ત્યારે એ ખોખલો સંબંધ સમાપ્ત થાય એમાં જ સાચુ સુખ છે.

**ધબકાર :**
જીવનમાં હસતા શીખી લેવુ પડે, રડતા તો લોકો શીખવી જ દેશે.